ડે.ડી NEWS

તારીખ : 21/11/2026

સાવરકુંડલા માં ઉજવાયો સંત શ્રી મહાત્મા મુળદાસજી જયંતી મહોત્સવ.








સાવરકુંડલા શ્રી લુહાર જ્ઞાતિ સમાજવાડી ખાતે શ્રી મુળદાસ યુવક મંડળ દ્વારા લુહાર જ્ઞાતિ કુલભૂષણ સંત શ્રી મહાત્મા મુળદાસજી નો ૩૫૨ મોં જન્મ જયંતી મહોત્સવ હર્ષોઉલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો. આ પાવન પ્રસંગે સંત શ્રી મહાત્મા મુળદાસ બાપા નું સવારે 9:30 કલાકે પૂજન તેમજ ધ્વજા રોહણ, આરતી કરવામાં આવી હતી. પૂજન માં શ્રી વનમાળીભાઈ દુર્લભજીભાઈ મકવાણા પરિવારમાંથી શ્રીમતી દક્ષાબેન જીતેન્દ્રભાઈ મકવાણા દ્વારા પૂજ્ય શ્રી મહાત્મા મુળદાસ બાપા નું પૂજન અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. પૂજ્ય શ્રી મહાત્મા મુળદાસ બાપાના ૩૫૨ માં જન્મ જયંતી પ્રસંગે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ નિમિત્તે સ્વ. ભીખાભાઈ ગોરધનભાઈ ડોડીયા પરિવાર હ. મહેશભાઈ ભીખાભાઈ ડોડીયા તરફથી રૂપિયા 51000/- અંકે એકાવન હજાર મહાપ્રસાદ પ્રસાદી ભોજનમાં અર્પણ કરી મહાપ્રસાદ માં સહભાગી બન્યા.

સંત શ્રી મહાત્મા મુળદાસ બાપાના જન્મ જયંતી પ્રસંગે સાવરકુંડલા શહેર તેમજ તાલુકામાંથી લુહાર પરિવાર પધારી પૂજ્ય બાપાનું પૂજન અર્ચન કરી ધન્યતા અનુભવી હતી.











તારીખ : 21/11/2026

આજે તુલસી વિવાહ

કારતક માસના શુક્લ પક્ષની દ્વાદશીના પવિત્ર દિવસે હિન્દુ ધર્મમાં તુલસી વિવાહનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. આ દિવસે ભગવાન શ્રીવિષ્ણુના શાલિગ્રામ સ્વરૂપ અને માતા તુલસીના વિવાહ પરંપરાગત વિધિ-વિધાન સાથે કરવામાં આવે છે. દેવઉઠી એકાદશીથી ભગવાન શ્રીવિષ્ણુ ચાર માસની યોગનિદ્રામાંથી જાગૃત થાય છે અને તુલસી વિવાહ સાથે શુભ તથા માંગલિક પ્રસંગોની શરૂઆત થાય છે. આ પર્વ ભક્તિ, શ્રદ્ધા, પવિત્રતા અને સમર્પણનું પ્રતીક માનવામાં આવે છે.તુલસી વિવાહના પ્રસંગે ઘરમાં તથા મંદિરોમાં તુલસી માતાને સુંદર વસ્ત્રો, આભૂષણો અને ફૂલોથી શણગારવામાં આવે છે. ભગવાન શાલિગ્રામ સાથે વિવાહની વિધિ કરવામાં આવે છે. મંગળગીતો, પૂજા-અર્ચના, આરતી અને પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાય છે.

તારીખ : 21/11/2026

અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ





અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહી જિલ્લાના નાગરિકોના પ્રશ્નો, જનહિતના વિવિધ મુદ્દાઓ તેમજ વિકાસલક્ષી બાબતો અંગે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિસ્તારોના પ્રજાકીય પ્રશ્નો, વહીવટી કામગીરી અને વિકાસલક્ષી યોજનાઓની સમીક્ષા કરી લોકોના પ્રશ્નોનું સમયમર્યાદામાં યોગ્ય નિરાકરણ આવે તેમજ વહીવટી કામગીરી વધુ અસરકારક બને તે માટે જરૂરી રજૂઆતો કરવામાં આવી હતી.આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, એ.એસ.પી. શ્રી જયવીરભાઈ ગઢવી, સાવરકુંડલા–લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી દક્ષાબેન ચોડવડિયા સહિત વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.જનહિતના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવે, નાગરિકોને સરકારી સેવાઓનો સરળતાથી લાભ મળી રહે અને જિલ્લાના વિકાસકાર્યોને વધુ ગતિ મળે તેવા હેતુથી બેઠકમાં જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

KD NEWS
SAVARKUNDLA

તમારા વિસ્તારના સમાચાર
હવે KD News સુધી પહોંચાડો!

તમારા આસપાસ બનતી કોઈ **મહત્વપૂર્ણ ઘટના** હોય,
સામાજિક કે ધાર્મિક **કાર્યક્રમ** હોય, **સેવાકીય પ્રવૃત્તિ** હોય,
જાહેર સમસ્યા હોય કે કોઈ **વિશેષ સિદ્ધિ**ની વાત હોય...









ફોટો | વીડિયો | જરૂરી માહિતી

સાથે અમને મોકલો.

તમારો અવાજ બનશે KD News!

તમારા વિસ્તારની દરેક નાની-મોટી ખબર
લોકો સુધી પહોંચાડવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

WhatsApp કરો
9499797973




KD News – તમારા વિસ્તારનો વિશ્વાસુ સમાચાર સાથી.

કે.ડી NEWS

તારીખ : 21/11/2026

જન્મદિવસની હાર્દિક શુભકામના



1941 ના નવેમ્બર ની 21મી તારીખ જન્મેલા મુકુન્દભાઈ નાગ્રેચાએ, કોલેજ નો અભ્યાસ અધૂરો છોડી, 1961 માં વ્યાવસાયિક જગતમાં પદાર્પણ કર્યું.ઈલેક્ટ્રકલ ગૂડ્ઝ, રાસાયણિક ખાતર,એગ્રીકલ્ચર પંપસેટ અને જી.ઈ.બી.ના કોન્ટ્રાકટર ની જવાબદારીનુ મોટાભાઈ રમેશભાઈ નાગ્રેચા ની સાથે રહી સુપેરે સંચાલન કર્યું ,રેફ્રીઝરેટર અને ટેલિવિઝન ની ઉપયોગીતા નો વિશાળ ગ્રાહક સમુદાયને લાભ અપાવ્યો,1994 માં પોતાની રઘુવિર એન્ટપ્રાઈઝ નામની ફર્મ ઉભી કરી ઈલેક્ટ્રિક અને ઈલેક્ટ્રોનિક સાધનો ના વેચાણ દ્વારા સારાયે તાલુકામાં ઉંચી નામનાં પ્રાપ્ત કરી અને ધન પણ કમાયા, 2002 ની સાલમાં નાગરિક સહકારી બેન્ક ના એ વખતનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ની લાગણી ને માન આપી ડીરેક્ટરની ચૂંટણી ઝંપલાવ્યું, અને ચૂંટાયેલા ઉમેદવારો મા બીજા ક્રમે મત મેળવી સીધી ઉપપ્રમુખ ની અને પછીથી મેનેજીંગ ટ્રસ્ટી ની જવાબદારી નિભાવી,ત્રણ ટર્મ સુધી નિયમ મુજબ સેવાઓ આપી,સ્વ. શ્રી ધીરુબાપા રૂપારેલ ના વાત્સલ્ય ભર્યા આગ્રહથી સાવરકુંડલા ગૌશાળા માં દાખલ થતાં મેનેજીંગ ટ્રસ્ટી જવાબદારી સોંપવામાં આવી છે છેક 2018 સુધી સંભાળી. 2003ની સાલથી નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા ના એ સમય નાં મેનેજીંગ ટ્રસ્ટી ડોક્ટર શ્રી દિલીપભાઈ મ્હેતા ના આગ્રહથી ટ્રસ્ટી મંડળ માં જોડ્યા, ઉપપ્રમુખ, મેનેજીંગ ટ્રસ્ટી ની જવાબદારી સંભાળતા પોતાના કાર્ય કાળમા શ્રી કનુભાઈ ગેડીયા શ્રી જયંતિભાઈ વાટલીયા, ડોક્ટર શ્રી વડેરા સાહેબ, સી.એ. શ્રી અનિલભાઈ રૂપારેલ, શ્રી વિનુભાઈ રાવલ શ્રી ઝાબિરભાઈ ચૌહાણ ને ઉમેરતા ગયાં,પ્રમુખ શ્રી ચંદ્રિકાબેન કામદાર(ઘેલાણી) સાથે રહીને ટ્રસ્ટ ને સધ્ધરતા અને ઉંચાઈ પર પહોંચાડવા સતત પ્રયત્નશિલ રહ્યાં,તેમનું કુટુંબ જીવન પણ એટલુંજ સમ્રુધ્ધ રહ્યું જેમાં પરિવાર ના સભ્યો ની જેમજ સમયે સમયે સંપર્ક માં આવેલાં તમામ ની સાથે હ્રદય નાં સંબંધ નો ઘરોબો પ્રાપ્ત કતા રહ્યાં છેક 1978થી પરમ પૂજનીય પાડુંરંગ શાસ્ત્રીજી આઠવલે" દાદાજી" પ્રેરણાદાયી દિવ્ય વિચારોથી આકર્ષાઈને, કૃતિભક્તિ આજ પર્યંત શરુ રાખી, આવા નિષ્ઠાવાન,નિતીમત્તાના ઉંચા ખ્યાલો ધરાવતા,પ્રેરણાદાયી કાર્યો દ્વારા સતત સૌનાં પ્રિય એવા શ્રી મુકુંદભાઈ નાગ્રેચા ને પ્રભુ દિર્ઘાયુષ્ય અને નિરામય સ્વાસ્થ્ય બક્ષે એવી શૂભેચ્છાઓ.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 21/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

સોનિકની ૧૦૦% ગેરંટી !!!

ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭





















T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

ડે.ડી NEWS

તારીખ : 21/11/2026

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ નો આજે જન્મદિવસ



ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી તથા ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલનો આજે, ૨૧ નવેમ્બરના રોજ જન્મદિવસ છે.૨૧ નવેમ્બર, ૧૯૪૧ના રોજ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ખરોડ ગામે જન્મેલાં આનંદીબેન પટેલે પોતાના જીવનમાં સંઘર્ષ, સંકલ્પશક્તિ, શિસ્ત અને સેવાભાવના બળે આગવી ઓળખ સ્થાપિત કરી છે. શિક્ષણ ક્ષેત્રથી પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર આનંદીબેન પટેલે ગણિત અને વિજ્ઞાનના શિક્ષક તરીકે તેમજ આચાર્ય તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપી હતી. તેમણે એમ.એસસી. અને એમ.એડ.નો અભ્યાસ સુવર્ણચંદ્રક સાથે પૂર્ણ કર્યો હતો.શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી ઉપરાંત સામાજિક સેવા અને જાહેર જીવનમાં પણ તેમણે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. શાળાની પિકનિક દરમિયાન નર્મદા જળાશયમાં ડૂબતી બે વિદ્યાર્થિનીઓને બચાવવા માટે તેમણે પોતાના જીવની પરવા કર્યા વિના જળાશયમાં ઝંપલાવ્યું હતું. તેમની આ બહાદુરી બદલ તેમને રાષ્ટ્રપતિ દ્વારા વીરતા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.વર્ષ ૧૯૮૭માં ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈને તેમણે સક્રિય રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. વર્ષ ૧૯૯૪થી ૧૯૯૮ દરમિયાન રાજ્યસભાના સાંસદ તરીકે સેવા આપ્યા બાદ વર્ષ ૧૯૯૮માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી જીતીને ધારાસભ્ય બન્યાં હતાં. ગુજરાત સરકારમાં શિક્ષણ, મહિલા અને બાળ વિકાસ, મહેસૂલ, માર્ગ અને મકાન સહિતના વિવિધ મહત્વપૂર્ણ વિભાગોની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી હતી.૨૨ મે, ૨૦૧૪ના રોજ ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શપથ લઈને તેમણે ઈતિહાસ રચ્યો હતો. મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન શિક્ષણ, મહિલા સશક્તિકરણ, બાળ કલ્યાણ, સ્વચ્છતા અને સામાજિક વિકાસ જેવા ક્ષેત્રોને વિશેષ પ્રાધાન્ય આપ્યું હતું.ત્યારબાદ તેમણે મધ્યપ્રદેશ અને છત્તીસગઢના રાજ્યપાલ તરીકે પણ વધારાની જવાબદારીઓ નિભાવી હતી. હાલમાં તેઓ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ તરીકે બંધારણીય જવાબદારી સંભાળી રહ્યાં છે. જાહેર જીવનમાં તેમનો લાંબો અનુભવ, વહીવટી કુશળતા, શિસ્તબદ્ધ કાર્યશૈલી અને સેવાભાવ અનેક લોકો માટે પ્રેરણારૂપ છે.એક શિક્ષકથી રાજ્યના સર્વોચ્ચ વહીવટી પદ સુધીની તેમની સફર મહિલા શક્તિ, આત્મવિશ્વાસ અને દૃઢ નિર્ધારનું પ્રેરક ઉદાહરણ છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 21/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%

www.headway.guru
908 124 1916

"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®
SUVARNA SAUBHAGYA UTSAV











અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના

ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

કે.કે NEWS

તારીખ : 21/11/2026

મહાન વૈજ્ઞાનિક ડૉ. સી. વી. રામનની આજે પુણ્યતિથિ



ભારતના મહાન વૈજ્ઞાનિક, નોબેલ પુરસ્કાર વિજેતા અને ભારત રત્નથી સન્માનિત સર ચંદ્રશેખર વેંકટ રામન (ડૉ. સી. વી. રામન)ની પુણ્યતિથિ નિમિત્તે તેમને કોટિ કોટિ વંદન સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ.ડૉ. સી. વી. રામન ભારતના એવા મહાન વૈજ્ઞાનિક હતા, જેમણે પોતાની અસાધારણ બુદ્ધિપ્રતિભા, જિજ્ઞાસાવૃત્તિ અને સંશોધન પ્રત્યેની અખૂટ નિષ્ઠાના બળે સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું હતું. ૭ નવેમ્બર, ૧૮૮૮ના રોજ તમિલનાડુના તિરુચિરાપલ્લીમાં જન્મેલા ડૉ. રામને નાનપણથી જ વિજ્ઞાન પ્રત્યે વિશેષ રુચિ દર્શાવી હતી. તેમણે ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં અનેક મહત્વપૂર્ણ સંશોધનો કરીને વિજ્ઞાન જગતમાં આગવી ઓળખ સ્થાપિત કરી હતી.તેમની સૌથી મહત્ત્વપૂર્ણ શોધ 'રામન ઈફેક્ટ' તરીકે વિશ્વભરમાં જાણીતી છે. પ્રકાશ જ્યારે કોઈ પારદર્શક માધ્યમમાંથી પસાર થાય છે ત્યારે તેના પ્રકીર્ણનમાં થતો ફેરફાર સમજાવતી આ શોધે વિજ્ઞાનના ક્ષેત્રમાં નવી દિશા ખોલી હતી. આ ઐતિહાસિક સંશોધન બદલ વર્ષ ૧૯૩૦માં તેમને ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ મેળવનારા તેઓ પ્રથમ એશિયન વૈજ્ઞાનિક બન્યા હતા. વર્ષ ૧૯૫૪માં ભારત સરકારે તેમને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન'થી સન્માનિત કર્યા હતા.ડૉ. રામનનું સમગ્ર જીવન એ વાતની પ્રેરણા આપે છે કે જિજ્ઞાસા, સતત અભ્યાસ, મહેનત અને સંશોધન પ્રત્યેની નિષ્ઠા દ્વારા અસંભવ લાગતી સિદ્ધિઓ પણ હાંસલ કરી શકાય છે. તેમણે ભારતીય યુવાનોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, નવીન વિચારસરણી અને સંશોધન પ્રત્યે રસ જાગૃત કરવામાં પણ અમૂલ્ય પ્રદાન આપ્યું હતું.૨૧ નવેમ્બર, ૧૯૭૦ના રોજ તેમનું અવસાન થયું હતું, પરંતુ વિજ્ઞાન ક્ષેત્રે તેમણે આપેલું અમૂલ્ય યોગદાન આજે પણ વિશ્વભરના સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે પ્રેરણાનો અખૂટ સ્ત્રોત છે.આવા મહાન વૈજ્ઞાનિકની પુણ્યતિથિએ તેમની જ્ઞાનસાધના, વૈજ્ઞાનિક પ્રતિભા અને રાષ્ટ્રગૌરવ વધારનાર અમૂલ્ય યોગદાનને કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.

તારીખ : 21/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

બાબુ રેફ્રિજરેશન

એ.સી વોશ સર્વિસ

એ.સી ઇન્સ્ટોલેશન

એ.સી રઇન્સ્ટોલેશન ગેસ ફિલિંગ વગેરે તમાંમ પ્રકાર ના રિપેરિંગ કામ માંટે કોલ કરો

હોજેફાભાઇ ચૌહાણ

મો. 9173635253

તારીખ : 21/11/2026

નેસડી ગામે પટેલ સમાજની વાડી અને શ્રી રામજી મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નું ભવ્ય અને દિવ્ય આયોજન



અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના નેસડી ગામે આયોજિત પટેલ સમાજની વાડી તેમજ શ્રી રામજી મંદિરના પવિત્ર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં અમરેલીના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત હોદ્દેદારો, આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ધાર્મિક આગેવાનો, દાતાશ્રીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પાવન અવસરે શ્રી રામજી ભગવાનનાં દર્શન-અર્ચનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.આ પ્રસંગે ગ્રામજનો અને સમાજના અગ્રણીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્વાંગી સુખાકારી જળવાઈ રહે તેવી પ્રાર્થના કરી હતી. સમાજની એકતા, ધાર્મિક શ્રદ્ધા અને સામૂહિક સહયોગનું આ સુંદર આયોજન સૌ માટે પ્રેરણારૂપ બન્યું હતું.

તારીખ : 21/11/2026



કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

સાવરકુંડલા મહુવારોડ ટચ

ઓફિસ વેચવાની છે

ઓફિસ સાઇઝ : 12 ફુટ x 20 ફુટ

સાથે અગાશી

20 ફુટ x 20 ફુટ (ઓપન ટેરેસ)

--:: સંપર્ક ::--

રવિ રાવલ - મો. 9601929903

દેવાંગ રાવલ - મો. 9274228505

કે.કે NEWS

તારીખ : 21/11/2026

ઘારી તાલુકાના વિવિધ મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતાઃ ૫ ડિસેમ્બર સુધી અરજી કરવા અનુરોધ

પી.એમ પોષણ (મધ્યાહન ભોજન) યોજના અન્વયે જિલ્લાના ઘારી તાલુકાના ડાભાળી પ્રાથમિક શાળા કેન્દ્ર નં.૪૪ (પ્રથમ પ્રયત્ન) નવી વસાહત પ્રાથમિક શાળા કેન્દ્ર નં.-૫૭ (પ્રથમ પ્રયત્ન) હરીપરા પ્રાથમિક શાળા કેન્દ્ર નં.૬૨ (દ્વીતિય પ્રયત્ન) ગીગાસણ પ્રાથમિક શાળા કેન્દ્ર નં.-૨૩ (દ્વીતિય પ્રયત્ન)માં સંચાલકની આવશ્યકતા છે. આ જગ્યા માટે પસંદ થનાર સંચાલનોને માનદ વેતન ચૂકવવામાં આવશે. જાહેરનામાની તારીખે ઓછામાં ઓછી ઉંમર ૨૦ વર્ષ હોવી જોઈએ. જેના આધાર તરીકે જન્મનો દાખલો અથવા સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ અરજી સાથે જોડવાના રહેશે. સરકારના શિક્ષણ વિભાગના વિવિધ ઠરાવો અને ગાઈડલાઈન મુજબ સંચાલકની જગ્યાએ ઓછામાં ઓછા ૧૦ ધોરણ પાસ અને જો જે જે ગામમાં ૧૦ ધોરણ પાસ ઉમેદવાર ન મળે તો. ધો. ૦૭ પાસ ઉમેદવારને નિમણૂક આપી શકાશે. પાત્રતા ધરાવતા ઉમેદવારોએ જાહેર રજાના દિવસ સિવાય કચેરી સમય દરમિયાન ઘારી તાલુકા મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન શાખામાંથી નિયત અરજી ફોર્મ તા. ૧૮-૧૧.૨૦૨૬ સુધીમાં મેળવી લેવું. જરૂરી વિગતો અને આધાર પુરાવાઓ સાથે તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં મામલતદાર કચેરી, ઘારીની રજીસ્ટ્રી શાખાને પહોંચાડવાનું રહેશે. નિયત સમય મર્યાદા વિત્યે મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ. નિયમ મુજબની અરજી,લાયકાત, વય મર્યાદા તથા સરકારના ઠરાવેલ ધોરણો ધરાવતા ઉમેદવારોને જ રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે તેમ મામલતદારશ્રી ઘારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 21/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

JTC HOL!DAYS
Beyond The Imagine

પ્રવાસની પરફેક્ટ
શરૂઆત
અમારી સાથે



- હનીમૂન ટૂર
- ગ્રુપ ટૂર
- કોર્પોરેટ ટૂર
- ડોમેસ્ટિક ટૂર
- ઈન્ટરનેશનલ ટૂર
- એક્ઝિબિશન ટૂર
- સ્ટુડન્ટ ટૂર
- એડવેન્ચર ટૂર
- સફારી ટૂર
- ડેઝર્ટ ટૂર
- ધાર્મિક ટૂર



A To Z Tours નું
પ્લાનિંગ અને પેકેજીંગ

બેસ્ટ પ્રાઇઝ | બેસ્ટ સર્વિસ અમે આપીશું khushi_tourism_

પ્લાન છે ફરવાનો ?
એકવાર અમારો સંપર્ક કરો યાદગાર ટૂરની ગેરંટી

મો
94264 58189

EXPLORE THE WORLD WITH JOY
KHUSHI TOURISM

Luxury awaits, Memories stay

તારીખ : 21/11/2026

"શ્રી દાધિયા પ્રાથમિક શાળા ની વધુ એક અનન્ય સિધ્ધી.. "

ડો. સુભાષ ફાઉન્ડેશનની ત્રિ-જિલ્લા નિબંધ સ્પર્ધામાં શ્રી દાધિયા પ્રાથમિક શાળાનું ગૌરવ

જૂનાગઢ, અમરેલી અને ગિર સોમનાથ, રાજકોટ એમ ચાર જિલ્લા વચ્ચે ડો. સુભાષ ફાઉન્ડેશન અને ડો. સુભાષ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા "આવો શિક્ષિત બનીએ" વિષય પર નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં શ્રી દાધિયા પ્રાથમિક શાળાના 2 વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. જેમાં ધોરણ 8 ના બે વિદ્યાર્થી બારૈયા યશ અને જીગ્નેશ જોળીયા -એ નંબર પ્રાપ્ત કરેલ છે. જેમાં બીજો ક્રમ બારૈયા યશ એ મેળવી રૂ. ૨૦૦૦/- નો રોકડ પુરસ્કાર, શિલ્ડ અને યુનિવર્સિટી લેવલ નું સર્ટિફિકેટ મેળવેલ છે, જ્યારે ત્રીજો ક્રમ મેળવી જીગ્નેશ જોળીયા રૂ. ૧૦૦૦/- નો રોકડ પુરસ્કાર શીલ્ડ અને યુનિવર્સિટી કક્ષા નું સર્ટિફિકેટ મેળવેલ છે. જે માટે આજ તારીખ 21/11/2026 ને શનિવાર ના રોજ ડૉ. સુભાષ યુનિવર્સિટી જૂનાગઢ ખાતે બાળકો અને તેમના વાલી પ્રોત્સાહિત ઈનામ માટે આવેલા છે .....આ શાળા બહાર ના કાર્યક્રમ મા બાળકો ને પ્રેરણા તથા માર્ગદર્શન માટે શાળા ના શિક્ષકો મિનાક્ષીબેન ધ્રવિકાબેન ઈશીતાબેન સંજયભાઈ કિજલબેન બધાએ મહેનત કરી હતી. શ્રી દાધિયા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી મહેશભાઈ શેલાર સાહેબે અને SMC વતી પમુખ કનુભાઈ ખુમાણે શિક્ષકો અને બાળકોને અભિનંદન પાઠવ્યા હતા અને ગૌરવ વયકત કરયું હતુ.







કે.કે. NEWS

તારીખ : 21/11/2026

અમરેલી જિલ્લામાં 30 નવેમ્બરથી GSOS ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓનો પ્રારંભ





ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS) અંતર્ગત નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૬ની ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લામાં આ પરીક્ષાઓ તા. 30 નવેમ્બરથી શરૂ થનાર છે.ધોરણ ૧૦ની પરીક્ષાઓ તા. 30 નવેમ્બરથી ૮ ડિસેમ્બર દરમિયાન યોજાશે, જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ તા. 30 નવેમ્બરથી ૯ ડિસેમ્બર સુધી યોજાનાર છે. ધોરણ ૧૦ની પરીક્ષા જિલ્લામાં ત્રણ પરીક્ષા કેન્દ્રો પર યોજાશે, જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા અમરેલી સ્થિત શ્રી બી.એન. વિરાણી સેકન્ડરી સ્કૂલ, યુનિટ-૨ ખાતે યોજાશે.પરીક્ષાના સુચારુ આયોજન, પરીક્ષા કેન્દ્રો પર જરૂરી વ્યવસ્થાઓ, સુરક્ષા, અવિરત વીજ પુરવઠો, પરીક્ષાર્થીઓને અવરજવર માટે એસ.ટી. બસની નિયમિત સુવિધા સહિતના વિવિધ મુદ્દાઓ અંગે જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા સમિતિની બેઠક યોજાઈ હતી.બેઠકમાં શિક્ષણ વિભાગના સંબંધિત અધિકારીઓ તેમજ પરીક્ષા આયોજન સાથે સંકળાયેલા વિભાગો સાથે પરીક્ષાની વ્યવસ્થાઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. પરીક્ષા કેન્દ્રો પર શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે, પરીક્ષાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તેમજ પરીક્ષા પ્રક્રિયા નિષ્પક્ષ અને સુચારુ રીતે સંપન્ન થાય તે માટે જરૂરી સૂચનાઓ અને વ્યવસ્થાઓ અંગે સમીક્ષા કરવામાં આવી હતી.અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમિયાન સુગમ, સલામત અને અનુકૂળ વાતાવરણ મળી રહે તે માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 21/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

બ્રાન્ડ તો બનાવવી જ પડે..



ડીઝીટલ પ્લેટફોર્મ પર
હરણફાળ ભરનાર

પ્રકાશ પ્રિન્ટર્સ

હંમેશા એક કદમ આગળ...

તમારો પોતાના ધંધો ઓનલાઈન લાવ્ય કરો
અને બનાવો તમારા પોતાના

ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ
તમારા બિઝનેસને આપો

એક નવી ડિજિટલ ઓળખ !

માત્ર
299
+ GST
પ્રતિ વર્ષ

- તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
- તમારી પ્રોફાઇલની પોતાની Shareable Link
- Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
- તમારા બિઝનેસ માટે Video Gallery
- Customer Reviews દર્શાવવાની સુવિધા
- WhatsApp Direct Contact ની સુવિધા
- Google Map Location ઉમેરવાની સુવિધા
- તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
- તમારી Digital Profile માટે QR Code
- Digital Visiting Card બનાવવાની સુવિધા
- Mobile, Laptop અને Tablet દરેક ડિવાઇસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

વધુ માહિતી માટે સંપર્ક :

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

ડિઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ,
ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....



તારીખ : 21/11/2026

અમરેલીમાં "માય ભારત" દ્વારા જિલ્લા કક્ષાની યુથ પાર્લામેન્ટ યોજાઈ

શાંતાબા મેડિકલ કોલેજ ખાતે નશામુક્ત ભારત, 'વન નેશન, વન ઈલેક્શન' વિષય પર યુવા વિદ્યાર્થીઓએ વકતૃત્વ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો





ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત માય ભારત, અમરેલી કચેરી દ્વારા શાંતાબા મેડિકલ કોલેજ, અમરેલી ખાતે જિલ્લા કક્ષાની યુથ પાર્લામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત 'નશામુક્ત ભારત' અને 'વન નેશન, વન ઈલેક્શન' જેવા મહત્વપૂર્ણ વિષયો પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મેડિકલ કોલેજના એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમનો પ્રારંભ મહેમાનોના શાબ્દિક સ્વાગત સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મહેમાનો દ્વારા મા સરસ્વતીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માય ભારત, અમરેલીના જિલ્લા યુવા અધિકારી શ્રી રાકેશ બિશ્નોઈનું શાંતાબા મેડિકલ કોલેજના ડીન ડૉ. અશોક રામાનુજ દ્વારા પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જિલ્લા યુવા અધિકારી શ્રી રાકેશ બિશ્નોઈએ યુવાઓને સંબોધતા નશાના વધતા દુષ્પ્રભાવ અંગે જાગૃત રહી નશામુક્ત ભારતના નિર્માણમાં સક્રિય સહભાગી બનવા તેમજ નશાની લતને અટકાવવા સામાજિક જવાબદારી નિભાવવાનો અનુરોધ કર્યો હતો. માય ભારતના ઓફિસ આસિસ્ટન્ટ શ્રી પ્રવીણ જેઠવાએ વિકસિત ભારતના નિર્માણમાં સ્વસ્થ, જાગૃત અને જવાબદાર યુવાઓની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ માય ભારત, અમરેલી દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ યુવા પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી હતી.વકતૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. જયેશ કથીરિયા (એડિશનલ ડીન), ડૉ. દર્શિત કટેશિયા, ડૉ. નયના ભાલોડીયા, ડૉ. મિહિર જાની અને ડૉ. પલક મોવલિયાએ પોતાની સેવાઓ આપી હતી. સ્પર્ધાના પરિણામમાં પ્રથમ ક્રમે શ્રી અવની સોલંકી, દ્વિતીય ક્રમે શ્રી ધ્રુવ ઢોલરિયા અને તૃતીય ક્રમે શ્રી અમીષા પટેલિયાએ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને માય ભારત, અમરેલી કચેરી દ્વારા મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત, યુવાનોમાં રમતગમત પ્રત્યેની રુચિ અને પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તે હેતુથી માય ભારત, અમરેલી કચેરી દ્વારા શાંતાબા મેડિકલ કોલેજને વિવિધ રમતગમતનાં સાધનો ધરાવતી સ્પોર્ટ્સ કીટ અર્પણ કરવામાં આવી હતી.કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. નયના ભાલોડીયા, શ્રી આશિષ જાદવ, શ્રી રાહુલ ભાઈ તેમજ વિવિધ બ્લોકના નેશનલ યુથ વોલન્ટિયર્સ (NYVs) દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રિયાંશી રાઠોડ અને ધેરિયા રાજપરા દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં ઉપસ્થિત તમામ યુવા પ્રતિભાગીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 21/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક



અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

નારોલા

લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

કે.ડી NEWS

તારીખ : 21/11/2026

અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા શ્રેષ્ઠ મહિલા સહકારી મંડળીઓની શિલ્ડ હરીફાઈ યોજાઈ, વિજેતા મંડળીઓનું સન્માન કરાયું





ગુજરાત રાજ્ય સહકારી સંઘના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ની શ્રેષ્ઠ મહિલા મંડળી શિલ્ડ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હરીફાઈમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહિલા સહકારી મંડળીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવી હતી.હરીફાઈમાં નીચે મુજબની મંડળીઓએ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. પ્રથમ ક્રમ: શ્રી ગુજરાત મહિલા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ,દ્વિતીય ક્રમ: શ્રી શુભલક્ષ્મી મહિલા શરાફી સહકારી મંડળી લિ, તૃતીય ક્રમ: શ્રી એકતા મહિલા શરાફી સહકારી મંડળી લિ.આ પ્રસંગે અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી મનીષભાઈ સંઘાણી સહિત સંઘના હોદ્દેદારો, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ તથા મહિલા મંડળીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.મહિલાઓને સહકારી પ્રવૃત્તિઓમાં વધુ સક્રિય ભાગીદારી માટે પ્રોત્સાહિત કરવા તેમજ મહિલા સશક્તિકરણ, આર્થિક સ્વાવલંબન અને સહકારી ક્ષેત્રના વિકાસને વેગ આપવા આવા આયોજનો મહત્વપૂર્ણ સાબિત થાય છે. વિજેતા તમામ મહિલા સહકારી મંડળીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

ડે.ડી NEWS

તારીખ : 21/11/2026

મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭ અંતર્ગત અમરેલી જિલ્લામાં ખાસ ઝુંબેશના દિવસો જાહેર

મતદારયાદીમાં નામ નોંધણી, નામમાં સુધારો તથા અન્ય વિગતોમાં ફેરફાર માટે નાગરિકોને તક મળશે

જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૯૫ મતદાન મથકો ખાતે બુથ લેવલ અધિકારીઓ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૫:૦૦ કલાક સુધી ઉપસ્થિત રહેશે









ભારતના ચૂંટણી પંચ દ્વારા તા. ૦૧-૦૧-૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭ જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત અમરેલી જિલ્લામાં તા. ૨૭ નવેમ્બર (શુક્રવાર), ૨૦૨૬ થી તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૨૬ (શનિવાર) દરમિયાન ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે.આ કાર્યક્રમ અંતર્ગત લાયકાત ધરાવતા નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે. જ્યારે મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં જરૂરી સુધારા પણ કરાવી શકશે.આ ઉપરાંત તા. ૨૯ નવેમ્બર, ૨૦૨૬ (રવિવાર), તા. ૦૬ ડિસેમ્બર, ૨૦૨૬ (રવિવાર) અને તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૬ (રવિવાર)ના રોજ ખાસ ઝુંબેશના દિવસો યોજવામાં આવશે. આ દિવસોએ જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૯૫ મતદાન મથકો ખાતે બુથ લેવલ અધિકારીઓ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૫:૦૦ કલાક સુધી ઉપસ્થિત રહી મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા તથા કમી માટેના ફોર્મ સ્વીકારશે. ભારતના ચૂંટણી પંચ દ્વારા નિયત કરવામાં આવેલા વિવિધ પ્લેટફોર્મ મારફતે નાગરિકો ઓનલાઈન ફોર્મ ભરી શકશે. જેમાં નીચેના માધ્યમોનો સમાવેશ થાય છે. Voter Helpline Mobile App (Android/iOS), https://voterportal.eci.gov.in/, BLO App (BLO મારફત), ECINET App મારફતે પણ કરી શકાશે. વધુ માહિતી માટે નાગરિકો ભારતના ચૂંટણી પંચના મતદાર હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરીને માર્ગદર્શન મેળવી શકશે. જિલ્લાના વધુમાં વધુ યુવા નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટરશ્રી, અમરેલી દ્વારા અપીલ કરવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 21/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Happy Birthday



હાર્દિક પ્રકાશભાઈ મહેતા


કે.ડી NEWS ના પ્લેટફોર્મ પર





જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...

અને આપે છે


વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો


















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 21/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...


“

રેતી, પથ્થર અને
સિમેન્ટથી પૂરાયેલ ખાડા
પર છંટાતું પાણીનું પ્રત્યેક
ટીપું ઈમારતના પાયાને જેમ
મજબૂત કરે છે તેમ વહી રહેલી
જીવનની પ્રત્યેક પળ મોતના
પાયાને મજબૂત કરી રહી છે..
સાવધાન !

”



આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 21/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

3583
21/11/2026
Saturday

❀ आत्मा ❀

जैसे जैसे बुद्धी का विकास होता है, वैसे वैसे भीतर की भावनाएं कम होते जाती है, भावना का संमन्ध सीधा आत्मा से है,

बाबा वर्मी
21/11/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 21/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



શિક્ષક: બેટા, તું શાળામાં મોડો કેમ આવ્યો?
વિદ્યાર્થી: સર, રસ્તામાં બોર્ડ વાંચ્યું,
"ધીમે ચાલો, શાળા આગળ છે!"

મિત્ર: તું મોબાઈલને આટલો પ્રેમ કેમ કરે છે?
બીજો મિત્ર: કારણ કે એ ક્યારેય મને કહેતો
નથી કે તું બદલાઈ ગયો છે!

પપ્પા: બેટા, આખો દિવસ મોબાઈલમાં શું કરે છે?
દીકરો: પપ્પા, દુનિયા સાથે જોડાયેલો રહું છું!
પપ્પા: તો ઘરના Wi-Fiનું બિલ પણ દુનિયા
પાસે માગજે!

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 21/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

21 નવેમ્બર

મહત્વની ઘટનાઓ

૧૭૮૯ – નોર્થ કેરોલિનાએ યુનાઈટેડ સ્ટેટ્સના બંધારણને બહાલી આપી, અમેરિકાનું ૧૨મું રાજ્ય બન્યું.

૧૮૭૭ – થોમસ એડિસને અવાજને રેકોર્ડ (સંગ્રહ) કરી ફરી સંભળાવી શકે તેવા મશીન ફોનોગ્રાફની શોધની જાહેરાત કરી.

૧૯૦૫ – દ્રવ્યમાન–ઊર્જા સમતુલ્યતા સૂત્ર (ઈ = એમસી²) તરફ દોરી જતું આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું સંશોધનપત્ર અન્નાલેન ડેર ફિસિક જર્નલમાં પ્રકાશિત થયું.

૧૯૬૨ – ચીની પીપલ્સ લિબરેશન આર્મીએ ચીન-ભારત સરહદી સંઘર્ષમાં એકતરફી યુદ્ધવિરામની ઘોષણા કરી.

૧૯૭૧ – ભારતીય સૈનિકોએ, મુક્તી વાહિની (બંગાળી ગેરિલાઓ)ની આંશિક સહાયથી, ગરીબપુરના યુદ્ધમાં પાકિસ્તાન સૈન્યને હરાવ્યું.

૧૯૭૯ – પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં અમેરિકન રાજદૂતાવાસ પર ટોળાએ હુમલો કર્યો, આગ ચાંપી, જેમાં ચારના મોત થયા.

૨૦૦૨ – નાટોએ બલ્ગેરિયા, ઈસ્ટોનિયા, લાટવિયા, લિથુઆનિયા, રોમાનિયા, સ્લોવાકિયા અને સ્લોવેનિયાને સભ્ય બનવા આમંત્રણ આપ્યું.

૨૦૧૭ – રોબર્ટ મુગાબેએ ૩૭ વર્ષના કાર્યકાળ બાદ ઝિમ્બાબ્વેના રાષ્ટ્રપતિ પદેથી ઔપચારિક રીતે રાજીનામું આપ્યું.

જન્મ

૧૮૯૮ – રંગ અવધૂત, હિંદુ ધર્મના દત્ત પંથ (દત્તાત્રેયની ગુરૂચરિત્ર પરંપરા)ના સંત કવિ (અ. ૧૯૬૮)

૧૮૯૯ – હરિકરુષ્ના મહાતાબ, ભારતીય પત્રકાર અને રાજકારણી, ઓડિશાના પ્રથમ મુખ્યમંત્રી (અ. ૧૯૮૭)

૧૯૧૬ – જદુનાથસિંહ, ભારતીય ભૂમિસેનાના પરમવીર ચક્ર વિજેતા સૈનિક (અ. ૧૯૪૮)

૧૯૪૧ – આનંદીબેન પટેલ, ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી, રાજકારણી અને શિક્ષણવિદ્.

૧૯૪૬ – રવિન્દ્ર પારેખ, ગુજરાતી ટૂંકી વાર્તા લેખક, નવલકથાકાર, નાટ્યકાર, કવિ, વિવેચક અને અનુવાદક

અવસાન

૧૯૭૦ – ડૉ. સી. વી. રામન, નોબેલ પારિતોષિક વિજેતા ભારતીય ભૌતિકશાસ્ત્રી અને ભારતરત્ન (જ. ૧૮૮૮)

૧૯૯૬ – અબ્દુસ સલામ, નોબલ પુરસ્કાર વિજેતા પાકિસ્તાની સૈદ્ધાંતિક ભૌતિકવિજ્ઞાની (જ. ૧૯૨૬)

તહેવારો અને ઉજવણીઓ

વિશ્વ ટેલિવિઝન દિવસ

તારીખ : 21/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે



હોલસેલ ભાવે

નાની-મોટી

ચીઠ્ઠી બુક


વિદ્યાર્થીઓ માટે

૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની

કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 21/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 21/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



96K

60K

45K

100K

સંપર્ક : મો. 94997 97973